એમ. નાગરાજન આઈ.એ.એસ.
કમિશનર

કમિશનર, ઉચ્ચ શિક્ષણની કચેરી
બ્લોક નં. ૧૨, બીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.
તારીખ : ૧૨/૦૭/૨૦૨૨

નં.PRO/G3Q-2022/૨૦૨૨-૨૩/ ૧૯૧૧ - ૧૯૬૩

પ્રતિ,
કુલપતિશ્રી
તમામ યુનીવર્સીટી, ગુજરાત રાજ્ય

વિષય - ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ અંતર્ગત વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરાવવા બાબતે

શ્રીમાન,

રાજ્યના વિદ્યાર્થીઓ તેજસ્વી, પ્રતિભાશાળી અને જ્ઞાનસમૃદ્ધ બને તે હેતુથી શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય ધો. ૯ થી ૧૨ તેમજ કોલેજો અને યુનિવર્સિટી કક્ષાએ અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ તેમજ ગુજરાતના તમામ પ્રજાજનો માટે *આઝાદી કા અમૃત મહોત્સવ* હેઠળ **"ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q)"** નો શુભારંભ તા. ૭ જુલાઈ, ૨૦૨૨ના રોજ સાયન્સ સિટી, અમદાવાદ ખાતેથી કરવામાં આવેલ છે. આ ક્વિઝમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ, યોજનાઓના મુખ્ય ઉદ્દેશ્યો, લાભાર્થીઓ, અત્યાર સુધી યોજનામાં હાંસલ કરેલ સિધ્ધિઓ, લાભાર્થીઓની સંખ્યા અને રકમ વગેરે જેવી માહિતી પ્રાપ્ત થાય તે મુજબના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવશે. આ ક્વિઝનું આયોજન તાલુકા- વોર્ડ, જીલ્લા- મહાનગરપાલિકા તેમજ રાજ્ય કક્ષાએ કરવામાં આવનાર છે. આ ક્વિઝમાં ભાગ લેનાર તમામને ડિજીટલ સર્ટીફીકેટ આપવામાં આવશે તેમજ આ ક્વિઝ અંતર્ગતનાં વિજેતાઓને ઈનામી રકમો આપવામાં આવશે આ ઉપરાંત વિવિધ સ્ટડી ટુર અને અંતરરાષ્ટ્રીય સંસ્થાઓ/ સ્થળોની મુલાકાત માટેની તક પણ ઈનામ સ્વરૂપે આપવામાં આવશે.

"ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q)"ની સ્પર્ધામાં ભાગ લેવાં માટે www.g3q.co.in ડોમેઈન પર રજીસ્ટ્રેશન કરવાનું થાય છે. આ ક્વિઝની તમામ માહિતી www.g3q.co.in ડોમેઈન પર પ્રકાશિત કરવામાં આવેલ છે. આ ઉપરાંત www.g3q.co.in ડોમેઈન પર દરરોજ ૨૫૦ ક્વિઝની ડિજીટલ પુસ્તિકા સ્પર્ધકોને માર્ગદર્શિકા તરીકે ઓનલાઈન પ્રાપ્ત થશે. આ ક્વિઝમાં આપની યુનિવર્સિટીમાંથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ લાભાન્વિત થાય તે હેતુથી આપની કક્ષાએ પ્રત્યેક શૈક્ષણિક સંસ્થાઓમાં ક્વિઝની માહિતી પહોચાડવાની થાય છે. જેથી દરેક વિદ્યાર્થીઓને આ ક્વિઝ અંગે જરૂરી માહિતી મળી રહે અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે.

જે યુનિવર્સિટીમાંથી વધુમાં વધુ રજીસ્ટ્રેશન પ્રાપ્ત થશે તેઓને **"Appreciation letter"** તેમજ ઇનામો આપી સન્માનિત કરવામાં આવશે. ઉક્ત બાબતે આપની કક્ષાએ ત્વરિત પગલાં લેવાં આથી જણાવવામાં આવે છે.

આભાર સહ,

કમિશનર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગાંધીનગર

જાણ સારૂં,

- પી એ ટુ માન. અગ્રસચિવ (શિક્ષણ), ગુજરાત અને એક્ઝીક્યુટીવ ચેરપર્સન, કેસીજી
- પી એ ટુ માન. નિયામક (ટેકનીકલ શિક્ષણ), ગુજરાત
- રજીસ્ટ્રાર, તમામ યુનિવર્સીટી, ગુજરાત રાજ્ય

ફોન : ૯૧-૭૯-૨૩૨૫૪૦૦૦, ૯૧-૭૯-૨૩૨૫૨૨૪૦, ઈ-મેઈલ : commi-highedu@gujarat.gov.in